૨૭/૦૧/૨૦૨૧

**પ્રતિ,**
**મુખ્ય અગ્રસચિવશ્રી,**
**શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ,**
**બ્લોક નં.૧૪, ૭ મો માળ,**
**નવા સચિવાલય, ગાંધીનગર**

**વિષય: સુરત મહાનગર પાલિકામાં સમાવિષ્ટ નવા ગામોનો ટાઉન પ્લાનીંગ તથા વિકાસની બાબતનો વહીવટ સુડા પાસેથી સુરત મહાનગર પાલિકાને સોંપવા બાબતે...**

મહાશયશ્રી,

સવિનય સહ ઉપરોકત વિષયે જણાવવાનું કે, ગત ઓગષ્ટ મહિનામાં ગુજરાત સરકાર દ્વારા નોટીફીકેશન બહાર પાડીને સુરત મહાનગર પાલિકામાં ૨૭ ગામો અને ૨ નગર પાલિકાનો સમાવેશ કરેલ છે. પરંતુ સુડા બોર્ડની આંતરીક વહીવટી પ્રક્રિયા બાકી હોવાથી તેમાં સુડાના ફાઇનલ ડી.પી. જાહેર થયેલ હોવા છતાં ટાઉન પ્લાનીંગ વિભાગ દ્વારા નવા સમાવિષ્ટ ગામોમાં ટી.પી.સ્કીમના આયોજન તથા અન્ય વિસ્તારનાં કામો હજુ સુધી હાથ ધરેલ નથી. જેથી સદર સમાવિષ્ટ ગામોનો, વિકાસના કામો અને પ્રાથમિક સુવિધાના કામો અટકી પડેલ છે. જે અંગેની જાણ સુરત મહાનગરપાલિકાને રજુઆત પણ કરી છે. આપને એ સંદર્ભે ખાસ વિનંતિ કે તે અંગેનો રેકર્ડ ટ્રાન્સફરની પ્રક્રિયા કે વહીવટ સોંપણી કે અન્ય પ્રોસીજર પુર્ણ કરી ત્વરીત કાર્યવાહી હાથ ધરી જલદીથી આ ગામોના વિસ્તારનો વહીવટ સુડા પાસેથી સુરત મહાનગર પાલિકાને આપવામાં આવે તો વિકાસની પ્રક્રિયાને વેગ મળે તેમ છે એવી અમારી અરજ છે.

**લિ. આપના વિશ્વાસુ**

**વિજય ધામેલિયા**
**માનદ્મંત્રી**
**ક્રેડાઇ સુરત**